**પોતાના સ્વભંડોળમાંથી ખર્ચ કરતી સ્વાયત્ત સંસ્થાઓ / સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ / બોર્ડ / નિગમોને માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમો હેઠળ થતી ફી તથા અન્ય ચાર્જીસ અંગેની આવક જમા કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : વહસ-૧૦૦૫-૨૬૬૪-આર.ટી.આઇ. સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧૭-૦૩-૨૦૦૬.

*વંચાણે લીધો :-*

૧. વિભાગનો પરિપત્ર ક્રમાંક : વહસ-૨૦૦૫-૪૫૦-આર.ટી.આઇ. સેલ, તા. ૦૫-૦૧-૨૦૦૬.

**પ રિ પ ત્ર :**

માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમ હેઠળ માહિતી મેળવવા માગતી વ્યક્તિએ ઠરાવેલી ફી સાથે અરજી કરવાની રહે છે. આવી અરજી મળ્યેથી સંબંધિત જાહેર માહિતી અધિકારીએ માગેલ માહિતી / દસ્તાવેજો પુરા પાડવાના અને તે માટેના નક્કી કરેલા ચાર્જીસ વસુલ કરવાના રહે છે.

૨. ઉપર આમુખ-(૧) માં દર્શાવેલ આ વિભાગના તા. ૦૫-૦૧-૨૦૦૬ના પરિપત્રથી આ કાયદા / નિયમો નીચે અરજી ફી, નકલ ફી તથા અન્ય ચાર્જીસની થયેલ આવક જમા કરાવવા અંગેનું બજેટ સદર નક્કી કરવામાં આવેલ છે. આ સંદર્ભે જણાવવાનું કે, આ બજેટ સદર રાજ્ય સરકારની કચેરીઓ કે જેઓની આવક રાજ્યની તિજોરીમાં જમા કરાવવાની હોય છે અને ખર્ચ રાજ્યના એકત્રિત ભંડોળમાંથી થાય છે, તે સર્વે કચેરીઓના સંબંધમાં છે. જ્યારે **પોતાના સ્વભંડોળમાંથી ખર્ચ કરતી સ્વાયત્ત સંસ્થાઓ / સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ / બોર્ડ / નિગમો કે જેઓ માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૨(ઝ) મુજબ જાહેર સત્તામંડળની વ્યાખ્યામાં આવી જાય છે, તેવા જાહેર સત્તામંડળો / કચેરીઓએ આ કાયદા / નિયમો હેઠળ તેઓને થતી અરજી ફી તથા અન્ય ચાર્જીસ અંગેની આવક તેઓના પોતાના હિસાબી ખાતામાં જમા કરવી શકશે પરંતુ આ અંગેના હિસાબો જે તે સંસ્થા / કચેરીમાં અલગ રીતે દર્શાવી શકાય તે પ્રકારે રાખવાના રહેશે** કે જેથી કાયદાની કલમ-૨૫(૩) (ચ) ની જોગવાઇ મુજબ રાજ્ય માહિતી આયોગને આ કાયદા હેઠળ દરેક જાહેર માહિતી અધિકારી દ્વારા એકઠા કરવામાં આવેલ ચાર્જીસની રકમની જાણ કરી શકાય.

૩. આ કાયદાની કલમ-૨૫ હેઠળ રાજ્ય માહિતી આયોગે જે તે વર્ષ માટેનો આ કાયદાની જોગવાઇઓના અમલ ઉપર અહેવાલ તૈયાર કરવાનો રહે છે. આવો અહેવાલ તૈયાર કરવા માટે, આયોગને પુરી પાડવાની થતી માહિતી / વિગતો માટે દરેક જાહેર માહિતી અધિકારી / એપેલેટ ઓથોરીટી / જાહેર સત્તા મંડળોએ નિભાવવાના થતા રજીસ્ટર તથા તે અંગેની ત્રિમાસિક માહિતી અને મોકલવાના થતા પત્રકો અંગે તા. ૧૬-૧૧-૨૦૦૫નો પરિપત્ર ક્રમાંક : વહસ-૧૦૨૦૦૫-૨૫૫૬-આર.ટી.આઇ. સેલ થી વિગતવાર સૂચના પરિપત્રિત કરી, રજીસ્ટર અને ત્રિમાસિક પત્રકના નમુનાઓ સહિત, રાજ્ય સરકારની વેબસાઇટ **http//gswan.gov.in/ rti.htm** ઉપર પણ મુકવામાં આવેલ છે, જેમાં આ કાયદા હેઠળ મળેલ અરજી ફી અને અન્ય ચાર્જીસની વિગતો પણ દર્શાવવાની રહેતી હોઇ, ઉક્ત ફકરા-૨માં જણાવ્યા મુજબ આવકનો અલગ હિસાબ રાખવા સર્વ સંબંધિતોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તામના નામે,

**સી. એસ. ઉપાધ્યાય,**
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,

- મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મા. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- અંગત સચિવશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એન્ટાઇટલમેન્ટ), રાજકોટ.
એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ), અમદાવાદ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, ગાંધીનગર.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ).
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી અન્વેષક અધિકારીશ્રી, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, સેક્ટર-૧૮, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વ વિભાગો. (તેઓના તાબા હેઠળની સર્વે કચેરીઓના ધ્યાન પર લાવવા વિનંતી)
સર્વ જિલ્લા કલેક્ટરશ્રી.
સર્વ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
સામાન્ય વહીવટ વિભાગની સર્વ શાખાઓ.
પસંદગી ફાઈલો.

---

પત્ર દ્વારા.